# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 30-05-2024 Morning : 7.45 to 7.55
Day : Thursday National News

### આકાશવાણી સમાચાર હર્ષ લેઉઆ વાંચે છે.

**************************************************

- ✓ નાગરિકા સંશોધન કાયદા અંતર્ગત ત્રણ રાજ્યોમાં નાગરિકતા આપવાની પ્રક્રિયા શરૂ...
- ✓ લોકસભા ચૂંટણીના અંતિમ તબક્કા માટે આજે સાંજે પ્રચાર પડઘમ શાંત થશે, વિવિધ રાજકીય પક્ષોના નેતાઓ મતદારોને રિઝવવા કરશે પ્રયાસો
- ✓ લોકસભા ચૂંટણીના છ તબક્કામા દિવ્યાંગો, વરિષ્ઠ નાગરિકો અને વિશેષ જનજાતિ મતદારો માટે ઘરેથી મતદાનની સેવાને, સારો પ્રતિસાદ મળ્યો હોવાનું ચૂંટણી પંચે જણાવ્યું
- ✓ ઉત્તર પશ્ચિમી ચોમાસું આજે કેરળ પહોંચે તેવી શક્યતા....કેરળના કેટલાક જિલ્લાઓમાં ભારે વરસાદને પગલે અલર્ટની સ્થિતિ...ઉત્તર અને મધ્ય ભારતમાં ગરમીમાં રાહત મળી શકે છે
- ✓ ચેસ ખેલાડી પ્રજ્ઞાનનંદાએ નોર્વે ચેસ 2024 સ્પર્ધામાં વિશ્વના પ્રથમ ક્રમાંકિત ખેલાડી કાર્લસનને હરાવ્યા

**********************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# CAA _ SECOND ROUND

કેન્દ્ર સરકારે પશ્ચિમ બંગાળ, હરિયાણા અને ઉત્તરાખંડમાં નાગરિકતા સંશોધન કાયદા અંતર્ગત નાગરિકતા આપવાનું શરૂ કર્યું છે. ગૃહ મંત્રાલયે એક નિવેદનમા કહ્યું છે કે ત્રણ રાજ્યોમાં અરજદારોને સંબંધીત રાજ્યોની માન્યતા પ્રાપ્ત સમિતિ દ્વારા નાગરિકતા આપવામાં આવી છે.

જોકે કુલ કેટલા લોકોને નાગરિકતા અપાઈ છે, તેની સ્પષ્ટતા કરાઈ નથી. આ પૂર્વે 15 મેના રોજ આ કાયદા અંતર્ગત પહેલીવાર 14 નાગરિકોને નાગરિકતા અપાઈ હતી. ઉલ્લેખનીય છે કે કેન્દ્ર સરકારે 11 માર્ચ, 2024ના રોજ નાગરિકતા સંશોધન કાયદો અમલી બનાવ્યો હતો. જે અનુસાર 31 ડીસેમ્બર, 2024 પૂર્વે પાકિસ્તાન, બાંગ્લાદેશ, અફઘાનિસ્તાનથી આવેલા બિન-મુસ્લિમ શરણાર્થીઓને નાગરિકતા આપવામાં આવશે.

# CAMPAIGN TODAY_ MORNING

લોકસભા ચૂંટણીના અંતિમ તબક્કા માટે આજે સાંજે પ્રચાર પડઘમ શાંત થઈ જશે. આ તબક્કામાં સાત રાજ્યો અને એક કેન્દ્રશાસિત પ્રદેશની કુલ 57 બેઠકો માટે, પહેલી જૂને મતદાન થવા જઈ રહ્યું છે. આ તબક્કામાં 904 ઉમેદવારો ચૂંટણી મેદાનમાં છે. આજે પ્રચારનો અંતિમ દિવસ હોઈ વિવિધ રાજકીય પક્ષો મતદારોને રિઝવવા છેલ્લી ઘડીના પ્રયાસો કરી કરશે.

ભાજપના વરિષ્ઠ નેતા અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે પંજાબના હોશિયારપુરમાં ચૂંટણી પ્રચાર કરશે. કૉંગ્રેસના વરિષ્ઠનેતા રાહુલ ગાંધી ઝારંખડના પ્રવાસે છે. પ્રિયંકા ગાંધી હિમાચલપ્રદેશા સોલનમાં ચૂંટણી પ્રચાર કરશે. જોકે દુમકામાં આયોજીત તેમની ચૂંટણી સભા રદ્દ કરી દેવાઈ છે. ભાજપના વરિષ્ઠ નેતાઅને કેન્દ્રીય મંત્રી રાજનાથસિંહ, કુશીનગર, રોબર્ટ્સગંજ અને ચંદોલી મત વિસ્તારમાં ચૂંટણીપ્રચાર કરશે. મધ્ય પ્રદેશના મુખ્યમંત્રી મોહન યાદવ, કુશીનગર અને સોનભદ્ર મત વિસ્તારોમાં રોડ શૉ કરશે. તો સમાજવાદી પાર્ટીના અધ્યક્ષ અખિલેશ યાદવ મહારાજગંજ અને ઘોસી મત વિસ્તારમાં પ્રચાર કરશે..

# EC _ HOMEVOTING

ચૂંટણી પંચે લોકસભા ચૂંટણી માટે આ વખતે વ્યાપક સ્તરે પગલા લીધા છે, જેથી કોઈ પણ મતદાર મતાધિકારથી વંચિત ન રહે. ચૂંટણી પંચે એક નિવેદનમાં કહ્યું છે કે અત્યાર સુધી છ તબક્કાઓમાં દિવ્યાંગ, વરિષ્ઠ નાગરિકો, ટ્રાન્સજેન્ડર તેમજ વિશેષ રીતે નબળા જનજાતિ સમૂહોના મતદારોમાં પણ ભારે ઉત્સાહ જોવા મળ્યો. 85 વર્ષથી વધુ વયના વરિષ્ઠ નાગરિકો અને 40 ટકા અસક્ષમતા ધરાવતા દિવ્યાંગો માટે પહેલીવાર ઘરેથી મતદાનની સેવા શરૂ કરાઈ છે. મુખ્ય ચૂંટણી અધિકારી રાજીવ કુમારે કહ્યું કે પંચે દેશના ગૌરવને દર્શાવતી વિવિધતાને સમાવિષ્ટ કરવાનો પ્રયાસ કર્યો છે.

# MONSOON INDIA

દક્ષિણ પશ્ચિમી ચોમાસું આજે કેરળ પહોંચે તેવી શક્યતા છે. હવામાન વિભાગ અનુસાર ચોમાસુ નિર્ધારિત સમય એટલે કે પહેલી જૂન કરતા બે દિવસ પહેલા કેરળ પહોંચશે. આ ઉપરાંત ઉત્તર પૂર્વીય રાજ્યોના કેટલાક ભાગોમાં પણ તે આગળ વધી રહ્યું છે. દક્ષિણ અરબ સાગર, માલદીવ અને કોમોરિન, લક્ષદ્વીપ, કેરળ તેમજ બંગાળની ખાડીના કેટલાક ભાગોમાં દક્ષિણ પશ્ચિમ ચોમાસુ આગળ વધે તેવી અનુકૂળ સ્થિતિ સર્જાઈ છે.

હવામાન વિભાગે કહ્યું છે કે શુક્રવારથી આગામી પાંચ દિવસ કેરળ, આંદમાન અને નિકોબાર દ્વીપ સમૂહ અને માહેમાં જુદા જુદા ભાગોમાં ભારે વરસાદ પડી શકે છે. એક અને બે જૂને તમિલનાડુ તેમજ દક્ષિણી કર્ણાટકમાં વરસાદની શક્યતા છે. આગામી પાંચ દિવસોમાં બિહાર, ઝારખંડ, તટિય પશ્ચિમ બંગાળ તેમજ ઓડિશામાં વરસાદની શક્યતા છે.

# KERALA

કેરળમાં ભારે વરસાદને પગલે અનેક વિસ્તારો પાણીમાં ગરકાવ થયા હતા. હવામાન વિભાગે આજે તિરુવનંતપુરમ અને અર્નાકુલમ સહિતના સાત જિલ્લાઓમાં ઑરેન્જ અલર્ટ, જ્યારે કે અન્ય કેટલાક જિલ્લાઓમાં યલો અલર્ટ જાહેર કર્યું છે. રાજ્યના અનેક નિચાણવાળા વિસ્તારોમાં પૂર જેવી સ્થિતિ છે. તિરુવનંતપુરમ અને અર્નાકુલમમાં સૌથી વધારે અસર થઈ છે.

અસરગ્રસ્ત જિલ્લાઓમાં રાહત શિબિર શરૂ કરાયા છે. પર્વતીય અને તટિય વિસ્તારો અલર્ટ પર છે. દરમિયાન 24 કલાકમાં ચોમાસુ કેરળ પર પહોંચી તેવી આગાહીને જોતા ભારે વરસાદ પડી શકે છે. દક્ષિણમાં તટિય વિસ્તારો પર માછલી પકડવા પર પ્રતિબંધ ફરમાવાયો છે.

# DRDO

સંરક્ષણ સંશોધન અને વિકાસ સંગઠન – DRDOએ આડિશાના કાંઠા વિસ્તારમાં હવાથી જમીન પર મારણની ક્ષમતા ધરાવતી રુદ્ર એમ-2 મિસાઇલનું સફળ પરીક્ષણ કર્યું હતું. ભારતીય વાયુસેનાના એસયૂ – 30 એમ કે – વન પ્લેફોર્મથી મિસાઇલનું સફળ પરીક્ષણ કરાયું હતું.

સંરક્ષણ મંત્રાલયે કહ્યું છે કે પરીક્ષણના તમામ હેતુઓ સિદ્ધ થયા છે. રુદ્ર એમ -2 સ્વદેશી મિસાઇલ તકનીક છે. જેમાં DRDOની વિવિધ પ્રયોગશાળાઓમાં વિકસીત કરાયેલી અત્યાધુનિક સ્વદેશી તકનીકનો ઉપયોગ થયો છે. સંરક્ષણ મંત્રી રાજનાથસિંહે મિસાઇલના સફળ પરીક્ષણ પર DRDO, વાયુ સેના અને સંરક્ષણ ઉદ્યોગને શુભેચ્છા પાઠવી છે. DRDOના અધ્યક્ષ ડૉ. સમીર વી. કામતે સફળ ઉડ્ડયન પરીક્ષણમાં પ્રયાસો અને યોગદાન બદલ પોતાની ટીમનો આભાર માન્યો હતો.

# MID BREAK- NEWS- NATIONAL

આ રાષ્ટ્રીય સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરી શકો છો...

# MANIPUR RAIN

આ તરફ મણીપુરના વિવિધ જિલ્લાઓમાં નિચાણવાળા વિસ્તારો પાણીમાં ગરકાવ બન્યા હતા. ચક્રવાત રેમલને કારણે બંગાળની ખાડીમાં સર્જાયેલા ચક્રવાતી દબાણ સર્જાયું હતું, જેથી છેલ્લા 48 કલાકમાં અહીં ભારે વરસાદ પડ્યો હતો. રાજ્યની ઇમ્ફાલ, ઇરિલ, બરાક સહિતની મોટાભાગની નદીઓ જોખમી ભય સ્થાન વટાવી ચૂકી છે. વિવિધ સ્થળોએ નદીઓના પાણી ગ્રામીણ વિસ્તારોમાં પ્રવેશી જતા સ્થાનિકોને હાલાકીનો સામનો કરવો પડ્યો હતો.

ઉપરાંત કેટલાક જિલ્લાઓમાં વીજ કાપ અને મોબાઇલ સેવાને અસર થઈ હોવાના અહેવાલ છે. સોમવાર થયેલા ભારે વરસાદને પગલે રાષ્ટ્રીય ધોરીમાર્ગ 37 પર ભૂસ્ખલન થયું હતું, જેને કારણે પરિવહન સેવાને અસર પહોંચી છે. અસરગ્રસ્ત વિસ્તારોમાં લોકોએ સરકારી તેમજ સ્થાનિક સંસ્થાઓ દ્વારા શરૂ કરાયેલ રાહત શિબિરોમાં શરણ લેવી પડી છે. સેનાપતિ જિલ્લામાં ત્રણ શિબિર શરૂ કરાયા છે. દરમિયાન ઇમ્ફાલના પશ્ચિમભાગમાંથી લગભગ 7 લોકોને બચાવાયા હતા.

# RAJKOT GAMEZONE POLICE OFFICERSTRANSFER

ગુજરાતના પોલીસ વડા વિકાસ સહાય આજે રાજકોટ ગેમઝોન દુર્ઘટના સંદર્ભે બદલી કરાયેલા IAS આનંદ પટેલ, રાજકોટના તાત્કાલિન પોલીસ કમિશનર રાજુ ભાર્ગવ સહિતના ત્રણ IPS અધિકારીઓની પૂછપરછ કરશે. રાજ્ય સરકારે ગેમઝોન દુર્ઘટના બાદ રાજકોટના તાત્કાલિન પોલીસ કમિશનર રાજુ ભાર્ગવ, પૂર્વ કલેક્ટર આનંદ પટેલ, તાત્કાલિન શહેર અધિક કમિશનર વિધિ ચૌધરી, ઝોન 2ના તાત્કાલિન નાયબ પોલીસ કમિશનર ડૉ. સુધીર દેસાઈની તાત્કાલિક અસરથી બદલી કરી હતી.

રાજકોટના ટીઆરપી ગેમઝોન દુર્ઘટનામાં અત્યાર સુધીમાં 26 મૃતકોના મૃતદેહો તેમના પરિવારજનોને સોંપવામાં આવ્યા છે. આ દુર્ઘટનામાં અત્યાર સુધીમાં 28 લોકોના મૃત્યુ થયાના અહેવાલ છે. .

# SANGLI CAR ACCI

મહારાષ્ટ્રના સાંગલી વિસ્તારના તાસગાંવ નજીક એક કાર દુર્ઘટનામાં ત્રણ બાળકો સહિત પરિવારના છ સભ્યોના મોત થયા છે, જ્યારે કે એક મહિલાને ગંભીર રીતે ઈજા થવા પામી હતી. તાસગાંવ-મનેરાજુરી રોડ પર મોડી રાતે દોઢ લાગ્યાની આસપાસ અલ્ટો કાર અંધારામાં, તસારી નહેરમાં ખાબકી ગઈ હતી. પીડિતો સવાર સુધી નહેરમાં પડ્યા હતા, સવારે સ્થાનિક લોકોએ આ મામલે પોલીસને જાણ કરી હતી.